# પિતાની શિખામણ

વઢિયાર પંથકમાં એક ગામ આવેલું છે. નામ તેનું મુંજપર છે. આ ગામમાં ઘર થોડાં ને ઝાડવાં ઝાઝાં. આથી તે નર્યું લીલોતરીથી વીંટળાયેલું લાગે છે.

આ ગામમાં શાણો ખેડૂત રહે. નામ એનું ભીખુદાસ, પણ સૌ એમને 'ભીખુદાદા'ના હુલામણા નામથી બોલાવે, મૂંઝાયેલા લોકો એમની સલાહ લેવા આવે. એમની સલાહ મુજબ ચાલનાર રાહત મેળવે.

આ ભીખુભાઈને બે દીકરા. એકનું નામ શિવો અને બીજાનું નામ જીવો. તેમને જમીનમાં બે ખેતર હતાં. એકમાં તેઓ અનાજ વાવે ને બીજામાં કપાસ. એની ઊપજમાંથી ઘરનું ગુજરાન ચાલે.

એક વાર આ ગામમાં મેલેરિયાની બીમારી પેઠી. ભીખાભાઈ આ બીમારીમાં સપડાઈ ગયા. ગામ નાનું. અપૂરતી સારવારને લીધે તેઓ મૃત્યુની સમીપ પહોંચી ગયા.

એક દિવસ પોતાના બે દીકરા શિવા અને જીવાને બોલાવી કહેવા લાગ્યા, બેટાઓ જમાનો બહુ નાજુક છે. હળીમળીને રહેજો. સંપમાં બળ છે. સંપ સર્વ પ્રકારે સુખ આપે છે. તે આવતી મુસીબતોને ફંગોળી રાહત આપે છે. એક વાદળું નિર્બળ છે. તે કશું કરી શકતું નથી. ધરતી પરનાં જળાશયોને ભરી દેવા એને સંગઠિત થવું પડે છે.

નાનકડો સૂતરનો તાર ગરીબ છે, ઘણા તાર ભેગા મળીને રસ્સી બને છે ત્યારે ખૂંખાર ડાકુ પણ એને તોડી શકતો નથી. મોટા મનના થઈને જીવશો તો કશો વાંધો આવશે નહિ. ઈર્ષાળુ અને અદેખાઈથી આઘા રહેજો. તેમની વાતોમાં કદાપિ આવતા નહિ.

લોઢું કાળું છે પણ ઘસાઈને તે ઊજળું બને છે. તેમ તમે પણ ઘર, કુટુંબ અને સમાજ માટે ઘસાતા રહેજો.

આપણે બે ખેતર છે. એક મોટું અને બીજું નાનું. આ સિવાય બીજી કોઈ જમીન નથી. મોટું ખેતર હું નાના પુત્રને આપું છું ને નાનું ખેતર મોટા પુત્ર શિવાને આપું છું. આ મારી છેલ્લી શિખામણ છે. આ પ્રમાણે ચાલશો તો રિદ્ધિ અને સિદ્ધિ તમારા પગમાં આળોટશે.'' આટલું કહી તેઓ આ ફાની દુનિયા છોડીને ચાલ્યા ગયા.

બંને ભાઈઓ પિતાની સોનેરી શિખામણને શિરે ચડાવી ખેતી કરવા લાગી ગયા. એમની ખેતી ગામમાં પહેલા નંબરની ગણાવા લાગી. એમનાં બે ખેતરો ભરચક મોલથી લહેરાતાં હતાં. એ જોઈને અદેખાઓના મનમાં તેલ રેડાવા લાગ્યું. અદેખાઓને લાગ્યું કે એમની આ સિદ્ધિ સંપને આભારી છે. એમનામાં જો કુસંપનો સડો પેસે તો જ એમનાં સર્વ સુખો નષ્ટ થઈ જાય.

આવું વિચારી અદેખાઓ બે ભાગમાં વહેંચાઈ ગયા. એક ભાગ મોટાની પડખે અને બીજો ભાગ નાનાની પડખે રહી ચઢવણી કરવા લાગ્યો.

મોટાને કહેવા લાગ્યા, ''તું મોટો છે. ઘર–કુટુંબના વ્યવહારની સઘળી જવાબદારી તારા શિરે છે. મહેમાનોને તું સાચવે છે. ઘર વ્યવહાર ચલાવવા તારે ઘરે રહેવું પડે છે. વળી તને નાનું ખેતર આપી તને ભારે અન્યાય કર્યો છે. અન્યાય સામે તારે અવાજ ઉઠાવવો જ જોઈએ.''

બીજા અદેખાઓ નાનાની પડખે રહી કહેવા લાગ્યા, ''જીવા, તારો મોટોભાઈ તને આપેલું મોટું ખેતર લેવા કાવાદાવા કરે છે. એ માટે એ અદાલતનાં બારણાં ન ખખડાવે તો અમને ફટ્ કહેજે. એ હવે ખેતરની સઘળી જવાબદારી તને સોંપી ઘરે રહી પંચાત કરવાનું વિચારે છે.''

આ રીતે અદેખાઓ વારંવાર શિવા અને જીવાને ભડકાવવા લાગ્યા. બંને ભાઈઓ પેલા અદેખાઓની મેલી રમતનાં પ્યાદાં બની ગયા. તેઓ મનોમન એકબીજાના દુશ્મન બની ગયા. સાવ નજીવી બાબતમાં બંને ઝઘડો કરવા તૈયાર થઈ જતા. પરિણામ એ આવ્યું કે બંને ભાઈ અલગ થઈ ગયા. એમના સંપની સાંકળ તૂટી ગઈ.

એમની આ સ્થિતિ જોઈને અદેખાઓ હાથતાળી આપવા લાગ્યા.

અને એક દિવસ શિવાએ મોટું ખેતર લેવા અદાલતમાં કેસ કરી દીધો. એ માટે મોટાએ વકીલ પણ રોક્યો. આ બાજુ નાનાએ પણ પિતા તરફથી મળેલું ખેતર કોઈ પણ સંજોગોમાં પાછું ન આપવાનો નિર્ણય કર્યો. એણે પણ સારો વકીલ રોકી લીધો.

જ્યારે વિનાશ થવાનો હોય ત્યારે જીવને અવળી મતિ સૂઝે છે. એ અવળી મતિ જ જીવનો વિનાશ કરીને જંપે છે.

આ બે ભાઈઓ પિતાની સોનેરી શિખામણને ભૂલી અદેખાઓની વાતોમાં આવી જઈ અદાલતનાં ચક્કર લગાવવા લાગ્યા.

વારંવાર કેસની મુદત પડતી હતી. શિવો અને જીવો ખેતીનું કામ પડતું મૂકી અદાલતમાં આંટાફેરા મારતા હતા. પરિણામ એ આવ્યું કે ખેતીની દેખભાળ તેઓ કરી શકતા ન હતા. આથી એમના ખેતરમાંથી ઊપજ આવતી બંધ થઈ ગઈ. એમણે સંપન્ન કરેલું સઘળું ધન ખલાસ થઈ ગયું. ચાર વરસને અંતે ઢેફું ભાંગીને ધૂળ એવો ચુકાદો આવ્યો. એમના પિતા જે વહેંચણી કરી ગયા હતા તે માન્ય રાખતો ચુકાદો અદાલતે આપ્યો. આ ચુકાદાથી બંને ભાઈ હતપ્રભ બની ગયા. વકીલની ફી ચૂકવવાના પૈસા બેમાંથી એકેયની પાસે ન હતા. એમણે પોતપોતાનાં ખેતરો ગામના શાહુકારને ઘરે ગીરો મૂકી વકીલની ફી ભરી.

શિવો અને જીવો જે ગામમાં સંપન્ન ગણાતા હતા તે બંને ચીંથરેહાલ થઈ ગયા. બંનેના પસ્તાવાનો પાર ન રહ્યો.



મોટો આ રીતે પસ્તાતો હતો : ‘હું મોટો છું. નાનાને જે ખેતર મળ્યું તે પિતાજીએ યોગ્ય કર્યું છે તેવું માની મારે મોટાઈ દાખવવી જોઈતી હતી, પરંતુ સાચો રસ્તો મૂકી હું અદેખાઓનો ચડાવ્યો ખોટા રસ્તે ચડી ગયો. પરિણામે અમે બંને ભાઈઓ ભિખારી બની ગયા. ખરે જ જ્યાં માબાપની આજ્ઞાનું પાલન થાય છે ત્યાં સર્વ પ્રકારનાં સુખો આવીને મળે છે ને જ્યાં અવગણના થાય છે ત્યાં પીડા, દુઃખ અને કષ્ટ સિવાય કશું હોતું નથી.’’ આમ કહી તે પસ્તાવાના ઝરણામાં નાહીને નિર્મળ બન્યો. એકાએક એના અંતરે નિર્ણય કરી લીધો. તેણે હાક મારી પત્નીને કહ્યું : ‘તું કંસારનું ભોજન તૈયાર કર. હું નાનાને જમવા બોલાવી લાવું છું. એ અવશ્ય આવશે ને મારી સાથે જમશે.’’ આમ કહી તે નાનાને બોલાવવા એના ઘર ભણી ચાલ્યો.

આ બાજુ નાનો ભાઈ પણ મોટાભાઈની જેમ પસ્તાવો કરતો હતો. ‘‘મેં અદેખાઓના ચડાવ્યા ચડી નાહક અદાલતનાં ચક્કર લગાવ્યાં. મોટું ખેતર મેં એને આપી દીધું હોત તો ઘી ખીચડીમાં જ ઢળ્યું ગણાત ને ? જે સંતાન માબાપની આજ્ઞાનું પાલન કરતો નથી તેના નસીબમાં સુખ ક્યાંથી હોય ?’’

આવું આવું કહી તે પણ પસ્તાવાના ઝરણામાં નાહીને નિર્મળ બની મનમાં એક સંકલ્પ કરી પત્નીને કહેવા લાગ્યો, ‘‘તું કંસાર તૈયાર કર. હું મોટાભાઈને જમવા બોલાવી લાવું છું. તે જરૂર આવશે ને મારી સાથે એક ભાણામાં જમશે.’’ આમ કહી તે મોટાભાઈના ઘર ભણી ચાલ્યો.

બંને રસ્તામાં મળ્યા. બાથ ભરીને ભેટ્યા. ચોધાર આંસુએ રડયા. એકબીજાની ક્ષમાયાચના કરી. પિતાની શિખામણ શિરે ચડાવી ચાલવાનો બંનેએ નિર્ધાર કર્યો.

પ્રથમ મોટાભાઈને ત્યાં ને પછી નાનાભાઈને ત્યાં એમ બંને ભેગા મળી એક જ ભાણામાં કંસાર જમ્યા.

એવામાં ગામનાં ઘરડાં રૂપામા ત્યાં આવી કહેવા લાગ્યાં : ‘‘બેટાઓ, તમે શાણપણ દાખવીને એક થયા તે ઘણું જ સારું કર્યું છે. સવારનો ભૂલ્યો સાંજે ઘરે પાછો આવે તો તે ભૂલ્યો ગણાતો નથી !’’

**– (પોપટલાલ મંડલીની ‘મનપસંદ બાળવાર્તાઓ’માંથી)**

■